સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ

સલામી સવારની..

ભરી ગયા પેટ કોઇના અપવાસ ચરી ગયા!
'લોકપાલ લાવી જંપશુ' કહી કેવા ફરી ગયા!
સરી ગયા રાજકારણની લાલચી ભૂમિ પર -
અન્નાની આંગળી પકડી કેટલાય તરી ગયા!
(હવે 'વિધાનસભા' માટે લડશે-એમાં
'લોકપાલ' મળે?!)

હાઈકુ

રામદેવનું
પોકળ શિર્ષાસન -
અલ્ટી-મેટમ

વિંધાઇ ગયા -
સામી છાતીએ અન્ના,
વિના ગોળીએ..

ચિંતન

વિદ્યાતીર્થે જગતિ વિબુધાઃ સાવધઃ સત્યતીર્થે ગંગાતીર્થે મલિન મનસો યોગિનો ધ્યાનતીર્થે ।
ધારાતીર્થે ધરણિપતયો દાનતીર્થે ધનાઢ્યા લજ્જાતીર્થે કુલ યુવતઃ પાતંક ક્ષાલયન્તિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક કર્તવ્ય પાલન એ જ ગંગા ઘાટ છે એવો સંદેશ આપે છે :

'આ જગતમાં વિદ્વાન-જ્ઞાની સજ્જનો વિદ્યા રૂપી તીર્થમાં સ્નાન કરીને, મલિનતા દૂર કરી પવિત્ર થાય છે.'

સાધુ-સંતજનો સત્ય રૂપી ઘાટ પર સ્નાન કરીને, મલિન મનવાળા-દોષિત વિચાર ધરાવનારા-પાપીઓ ગંગામાં સ્નાન કરીને, યોગી-તપસ્વી લોકો 'ધ્યાન' રૂપી તીર્થમાં રાજાઓ-(પ્રધાનશ્રીઓ) રાજ્યની પ્રજાનું નિષ્ઠા પૂર્વક પ્રામાણિક રીતે પોષણ કરીને પ્રજાના અભ્યુદય-વિકાસ કરીને તેમના શુભેચ્છા-આશીર્વાદના વરસાદમાં સ્નાન કરીને, તો ધનિક, શ્રેષ્ઠીઓ ગરીબ-દુ:ખીજનો- જરૂરિયાતમંદ લોકોને દાન આપી એમના આશીર્વાદ રૂપી જળમાં સ્નાન કરી પોતાના પાપ ધોઇને નિર્મળ-પવિત્ર થઇ જાય છે.

આ શ્લોકમાં વિદ્વાન-જ્ઞાની-સંતો-મલિન માનસ ધરાવનારા-પાપીઓ-રાજયકર્તાઓને પોત-પોતાના ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક કર્તવ્ય બજાવી-પવિત્ર થઇ શકે, સ્વચ્છ હૃદય અને વિચાર પ્રાપ્ત કરી શકે એમ કહેવામાં આવ્યું છે.

સુવિચાર

- જે માત્ર પોતાની કીર્તિગાથા માટે દાન કરે છે તે દાન નથી પરંતુ અહંકાર અને આડંબર માત્ર છે - **હકન**
- લાલસા વિપત્તિ સાથે સંપત્તિનો સંચય કરે છે, સંગ્રહી રાખે તે સંપત્તિ લોભી બનાવે છે માત્ર દાન જ માણસને સમૃદ્ધ બનાવે છે - **ટી બ્રાઉન**
- માત્ર મૃત્યુ વખતે બેભાન અવસ્થામાં દાન કરવા કરતાં જીવનપર્યંત દાન આપવાની વૃત્તિ કેળવો - **હઝરત મોહમ્મદ**
- ભલે મને મારી શક્તિમાં એટલો વિશ્વાસ હોય કે હું પર્વતોને પણ ડગાવી શકું છું પણ જો મારામાં દયા-દાનની ભાવના નથી તો હું કંઇ જ નથી - **બાઇબલ**
- જગતમાં વીર, મહાપરાક્રમી શૂરવીર અનેક છે, પરંતુ દાનેશ્વરી જૂજ જ હોય છે - **પીટર**
- જેની તિજોરી દાનથી ખાલી જાય છે તેનું હૃદય સમૃદ્ધ થઇ છલકાય છે- **વિક્ટર હ્યુગો**
- દાન ધર્મનું એક આભૂષણ છે - **એડીસન**

બોધ કથા

આજે માતા-પિતા બાળકોને માટે પૂરો સમય આપી શકતાં નથી. તેમના ભણતર જાતે ભણાવી શકે એટલી-એવી ક્ષમતા પણ નથી હોતી. પરિણામે પોતાની આ નબળાઇ બાળકોની આર્થિક માગણીઓ સંતોષી કે માગે તે વસ્તુ-જરૂરી-બીનજરૂરી ખરીદી કરી આપી મન-મનાવે છે. એવી જ રીતે લાડ-પ્યારમાં માગે તે - માગે ત્યાં - અયોગ્ય વાનગીઓ આપે અને સ્વાશ્રય - પરિશ્રમ - મહેનતની તો બાદબાકી જ.. બાળકને સાચા સંસ્કાર આપવા હોય તો સૌ પ્રથમ સ્વાશ્રય-પરિશ્રમની ટેવ પાડો.

અમેરિકાના પ્રમુખ તરીકે ટ્રુમેન હાજર થયા અને પ્રથમ દિવસે જ 'વાઇટ હાઉસ'ના બાથરૂમમાં નાહવા ગયા. નાહ્યા પછી બાથરૂમમાં જ પોતાના મોજાં-રૂમાલ-ગંજી અને જાંગીયું-ધોતા હતા.

બે-ત્રણ નોકરો દોડતા ત્યાં આવી પહોંચ્યા અને કહ્યું, સાહેબ, આ કંઇ આપનું કામ નથી. અમારે માટે એ રહેવા દો..!

ટ્રુમેન નીચે મોઢે કામ કરવાનું ચાલુ રાખી બોલ્યા : 'ના, ભાઇ - નાનપણથી જ મારી મા એ મને શીખવ્યું છે કે આ ચાર કપડાં તો જાતે જ ધોઇ લેવાં જોઇએ.'

જીવનને જાકારો નહીં ને મરણને આવકાર

વિચાર યાત્રા
- સંકલન : જય ઓઝા

આવજે, બંધુ આવજે!

- **સુંદરજી બેટાઇ**

જન્મ અને મરણ દૂરનાં સગાં નહીં, પણ જોડકાભાઇ જેવા છે. જન્મ થયો અનો અર્થ એટલો જ કે મરણ થશે. કેટલાંક બાળકો તો મરેલાં જ અવતરે છે. આવાઓનું મરણ જન્મ વિના થાય છે. એલિઝાબેથ જેનિંગ્સ કહે છે કે તું ન આવ્યું અને છતાં તું ગયું. આ ઉક્તિ મરેલા જન્મેલા બાળક માટે છે. કોઇ બાળક બે મહિને કે છ મહિને કે બે-પાંચ વર્ષે પણ જાય. શૈશવના અનુભવ વિના જ એની સૃષ્ટિ સમેટાઇ જાય. કોઇક અકાળે મૃત્યુ પામે - ભરજુવાનીમાં. કોઇક મરણની રાહ જોતું બેઠું હોય અને મરણ આવે જ નહીં. મરણ કોનું, કયારે, કઇ રીતે આવશે એ કહેવાય નહીં. પોતાની પથારી પર કે હૉસ્પિટલની પથારી પર. કોઇ પણ પ્રકારના અકસ્માતમાં. પછી એ સમુદ્રમાં હોય, ટ્રેનનો પ્રવાસ હોય, કારમાં હોઇએ કે વિમાનમાં. કોની જીવનગતિ કયારે રૂંધાશે એ કહેવાય નહીં. કોઇ યુધ્ધમાં હણાય તો કોઇ પૂરમાં તણાણ કે કોઇને દુકાળ સાલે તો કયાંક ઝંઝાવાત હોય કે ધરતીકંપ. કોઇને મરણનો ભય પીડતો હોય છે. કોઇક નિર્ભય હોય છે. કોઇ ભયના માર્યા સામે ચાલીને મરણને આવકારે છે અન મરતાં પહેલાં મરી જાય છે. સામાન્ય રીતે માણસ રોગથી મરતો હોય છે, પણ રોગ કયારે પ્રવેશેછે એની ઘણી વાર શરીરને પણ ખબર નથી પડતી અને કયારેક ભલભલા ડૉક્ટર્સ પર નિદાન કરવામાં થાપ ખાય છે. મરણથી છૂટવા માટે કોઇ છટકબારી નથી હોતી. જેમ જીવનને સ્વીકારીએ છીએ એમ મરણને સ્વીકારવું જ રહ્યું.

પ્રેમ અને મરણ વિશે અઢળક કાવ્યો લખાયાં છે. વાર્તા અને નવલકથાનો પણ વિષય છે. બહુ નસીબદાર માણસોને પોતાની ઇચ્છા મુજબનું મૃત્યુ મળે છે. સુંદરજી બેટાઇએ એક સારું કાવ્ય રચ્યું છે. પ્રારંભમાં ચિંતન છે. અને માણસ માત્ર જન્મગાંઠથી એકસાથે મરણગાંઠ સાથે સંકળાયેલો છે. મરણને કારણે તો જીવન મૂલ્યવાન લાગે છે. મરણ પણ વ્યર્થ નથી, કારણ કે એ જીવનને અર્થ આપે છે. મરણ પણ પ્રગટ-અપ્રગટની લીલા રમે છે. છાનગપતિયાં કરે છે. સ્મશાનમાં જનાર ડાઘુ બાંકડે બેઠો બેઠો કયારેય શૅરબજારની વાત કરતો હોય છે તો કયારે છે તો કયારેક જો એકલો પડ્યો હોય તો ચિતાની જવાળામાં પોતાનું ભાવિ ઉકેલવાનો પ્રયત્ન કરતો હશે. જીવન અને મરણ બંનેની લીલા અકળ છે.

કવિએ પોતાની માટે મરણની કલ્પના કરી છે. મરણને બંધુ કહીને સંબોધ્યું છે. કાકાસાહેબ કાલેલકરને મરણને પરમ સખા કહ્યું. બેટાઇ મરણને વિકલ્પો આપે છે. પહેલા તો આવકારે છે. કહે છે કે તારે જયારે આવવું હોય ત્યારે આવજે, પણ મારી ઇચ્છા એવી છે કે હું જયારે કાવ્યસુધા - કવિતાનું અમરત ગટગટાવતો હોઉં ત્યારે તું આવે તો મને ગમે. હું જયારે કવિતામાં ઓતપ્રોત હોઉં ત્યરે મારા ભવનો ભાર ભૂલી ગયો હોઇશ. અથવા તો કડવા ઘૂંટડા પીધા પછી મને જીવનમાં જે કાંઇ મધુરું મળ્યું છે - એ મધુરપનું સ્મરણ કરતો હોઉં અને કોઇ ખુશનુમા લહેરખી માણસો હોઉં ત્યારે તું મારી શાંતિમાં પ્રવેશ કરજે. બેટાઇ બેટના કવિ છે. સમુદ્ર સાથે નાતો છે. એટલે મરમને કહે છે કે હું કોઇ દરિયાકિનારે ખડક પર મારા મિત્રો સાથે પલાંઠી વાળીને બેઠો હોઉં અને આનંદમગ્ન થઇને સમુદ્રનું સૌંદર્ય માણસો હોઉં ત્યારે તું આવે તો મને ગમે.

આટલા વિકલ્પો આપ્યા પછી કવિ કહે છે કે મારે માટે મરણની શ્રેષ્ઠ ઘડી કઇ હોઇ શકે? મારા હૃદયનો આરામ તે ભગવાન શ્રીરામ. હું જયારે રામનું સ્મરણ કરતો હોઉં, રામના ચિંતનનો મહિમા મનોમન માણતો હોઉં અને એ સ્મરણમાં જ નિંદ્રાધીન થાઉં અને ત્યારે સ્વપ્નમાં પણ રામલીલા જોતો હોઉં અને રામલીલાની સ્તુતિ કરતો હોઉં એવી કોઇક રમ્ય, ધન્ય રાતે હે મરણ! તું રામના અનુચરની જેમ જ મારી પાસે આવજે જેથી મને જે રામે આપ્યું છે. તે રામને હું સોંપી દઉં. હવે મરણને મિત્ર કહે છે કે તું આવે ત્યારે એટલી સાવધાનીથી આવજે કે તારો કોઇ દોરદમામ ન હોય. તારો કોઇ અવાજ ન હોય, એવી રીતે આવજે કે પાસેના સૂતેલા સ્વજનો પણ જાગે નહીં અને આમ ચૂપચાપ ચાલ્યા જવું મને ખૂબ ગમશે.

આપણને ખબર નથી કે જીવનના પ્રલંબ વાક્યમાં મરણ અલ્પવિરામ છે કે પૂર્ણવિરામ છે કે પ્રશ્નાર્થચિહ્ન છે. એક પરદેશી ચિંતકે તો એટલે સુધી કહ્યું કે પુનર્જન્મમાં માનનારા લોકો કહે છે કે મરણ નથી. આવા માણસો જોડે હું સંમત થતો નથી. અન્ડરલાઇન કરીને કહે છે કે મરણ છે જ. મરણ પાસે શબ્દો ભોંઠા લાગે છે. હૃદયમાં વ્યાકુળતા હોય જ છે. આંખમાં આંસુઓ હોય જ છે. માણસો શોકમાં પડી નથી રહેવાનું પણ આંખમાં આંસુઓ પણ અગ્નિસંસ્કાર કરીને કોરી આંખો મરણનો સ્વીકાર કરવાનો છે અને જીવનના મુકાબલા માટે સજ્જ રહેવાનું છે.

- **સુરેશ દલાલ**

ગુજરાતી ફિલ્મોનું ચલણ વધશે તો માતૃભાષા ટકી રહેશે
વાત છે - ગુજરાતના શ્રેષ્ઠ ગાયક, અભિનેતા અને ઉત્તમ વાંસળી વાદકની

સિધ્ધિયાત્રા
- જનક પટેલ



ગુજરાતી માતૃભાષાનું મહત્ત્વ ધીરે ધીરે ઘટી રહ્યું છે. પણ મનોરંજનના કારણે હજુ પ્રાદેશિક ભાષાઓ જીવંત છે. તે વાત ખોટી નથી. હાલમાં તબક્કામાં ટેલિફોન અને બૉલીવુડનો આશિક વર્ગ ઉભરાય છે. તેની સાપેક્ષમાં ગુજરાતી મનોરંજને ટકવુ કપરું બની ગયું છે. પણ પાંચેક વર્ષ પહેલાં ગુજરાતી ફિલ્મોનો સુવર્ણકાળ શરૂ થયો અને એમાં મહત્ત્વપૂર્ણ ફાળો ગુજરાતના લોકલાડીયા ગાયક અને અભિનેતા વિક્રમ ઠાકોરનો રહેલો છે. વિક્રમજીની ફિલ્મો જોવા ગુજરાતી જનતા હોંશભેર અને ઉત્સાહથી થિયેટરમાં જાય છે. આમીરખાનની ફિલ્મની પ્રેક્ષકોને જેટલો ઇંતજાર હોય છે. તેટલી જ અપેક્ષા વિક્રમજીની ફિલ્મ માટેની ચાહકોની આતુરતા હોય છે. વિક્રમ ઠાકોરની ફિલ્મો છ-છ મહિના સુધી બૉક્સ ઓફિસ પર ધૂમ મચાવે છે. જે બૉલીવુડની સાપેક્ષમાં ચડિયાતી ઘટના છે અને એક ઇતિહાસ જ કહેવાય.

વિક્રમ ઠાકોરે પોતે એક સ્વમાની, સંઘર્ષશીલ, મહેનતુ, નિઃસ્વાર્થ અને હૃદયસ્પર્શી વ્યક્તિ છે. બસ, સતત તેઓ પોતાના કાર્યમાં રચ્યાપચ્યા રહે છે. અહીં હું વિક્રમ ઠાકોરના જીવનની કેટલીક અંતરંગ વાતો રજૂ કરું છું. જેનાથી એમના ચાહકો અજાણ છે. ઘણા લોકો વિક્રમજીને નસીબદાર ગણાવે છે. પણ મહેનતની લકીરો અને પુરૂષાર્થના પરસેવાને તેમને અધધઃ લોકપ્રિયતા અપાવી છે. હા, ઠાકોર સમાજનું પ્રોત્સાહન તેમની સફળતાના મોરપીંછનું યશકલગી છે. ખરેખર! ઠાકોર સમાજ પરથી બીજા સમાજના લોકોએ આ વાત શીખવા જેવી છે.

વિક્રમ ઠાકોરનો જન્મ ગાંધીનગર સેકટર-૧૫ ખાતેના ફતેપુરા વિસ્તારમાં સન ૧૯૮૦માં, ૧ એપ્રિલના રોજ થયો હતો. પરિવાર મધ્યમવર્ગીય હતો. કુટુંબ ઝાઝું પર સુખી હતું. પિતાજી સામાન્ય સરકારી કર્મચારી હતા. ચાર ભાઇઓમાં વિક્રમજી ચોથા નંબરના પરિવારના લાડકા દીકરા હતા.

વિક્રમજીને નાનપણથી જ ગાવાનો શોખ હતો. વાંસળી વગાડવાની તીવ્ર ઇચ્છા હતી અને આત્મામાંથી રજૂ થતી અને મન મંદિરમાં પુજાતી ઇચ્છાઓ ભગવાન હંમેશા પૂર્ણ કરે છે. અહીં પણ એવું જ બન્યું - બચપનની વાત છે. એકવાર શેરીમાં વાંસળી વેચવાવાળો આવેલો. જોગાનુજોગ, તે વાંસળીઓ લાકડાને બદલી સ્ટીલ (મજબૂત ધાતુ)ની હતી. પાંચ રૂપિયા એની કિંમત હતી. વિક્રમજીએ બા પાસે વાંસળી ખરીદવાની માંગણી કરી પણ બા પાસે તેટલા પૈસા ન્હોતા. છેવટે, તેમના કાકાએ પાંચ રૂપિયા આપી ભવિષ્યના સુર બાદશાહની જિદ પૂરી કરાવી. બસ, મન હોય તો માળવે જવાય. વિક્રમજી તો બંસરી સાથે તાલ મીલાવવા લાગ્યા. આખો દિવસ બંસરી બજાવવામાં જ તેઓ મગ્ન રહેતા. પણ વિધિની વિક્રતા તો તમે જુઓ કે - એ સમયે સ્ટીલની બંસરી ખરીદવા માટે શહેરમાં જવું પડતું - કદાચ! વાંસળી લાકડાની હોત તો થોડોક સમયમાં જ તૂટી ગઇ હોત અને ગુજરાતને વિક્રમ ઠાકોર જેવો શ્રેષ્ઠ બંસરીવાદક કદાચ! ના મળ્યો હોત. પણ ભગવાનને તે પસંદ ન્હોતું માટે આત્મશ્રધ્ધાની સાપેક્ષમાં એટલું જ કહીશ કે ભગવાને જ તે વાંસળીવાળાને મોકલ્યો હશે! વાંસળી અને વિક્રમજી વચ્ચે મજબૂત દોસ્તી બંધાઇ ગઇ. તેઓ જાતે જ ધૂનો બનાવતા. કૃષ્ણની જેમ બપોરની વેળાએ કોઇ ઝાડ નીચે બેસી રાધાના અનુસંધાનમાં ગીતો ગાતા. આમને આમ એમના મધુર કંઠમાંથી નીકળેલા ગીતોમાં રાધા શબ્દ રેલાવા લાગ્યો. હાલ પણ તેઓ સ્વીકારે છે કે 'હું પહેલેથી પ્રેમનું પ્રતિક સમાન રાધા-કૃષ્ણની જોડીના આધારે નિઃસ્વાર્થ પ્રિયતમા રાધાને સંબોધીને ગાતો હતો. બસ દિન-પ્રતિદિન તેમની ગાવાની શૈલી અને વાંસળી વગાડવાની આવડત ગુલાબની કલીઓની જેમ ખીલવા લાગી અને એમના મખમલી સ્વરની મધુરતા લોકોને સ્પર્શવા લાગી. તે વખતે લગ્નવેળાએ વરઘોડા નીકળતા. ઑરકેસ્ટ્રા પાર્ટીવાળા વિક્રમજીને ૧૦૦-૨૦૦ રૂપિયા આપીને ગાવા માટે લઇ જતા. ધીરે ધીરે તેમને સ્થાનિક પ્રોગ્રામમાં ગાવા માટેનાં આમંત્રણ મળવા લાગ્યાં. સૂરતાલની સાથે સાથે વાંસળીની ગુંજોએ પ્રેક્ષકોના દિલ જીતી લીધાં.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

સાહિત્યમાં નાથાલાલ દવેનું પ્રદાન વિપુલ તેમજ ઉચ્ચ ગુણવત્તાવાળું રહ્યું હતું, કાન્ત, કલાપી, મેઘાણી અને સુંદરમ્ની હરોળમાં તેમની ગણના થતી હતી, હાસ્ય કટાક્ષની કવિતા માટે 'વીસમી સદીના દલપતરામ' એવું એમને બિરૂદ સાંપડ્યું હતું

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

સાંપ્રત પીડાના કવિ...



૧૯૮૦ થી ૧૯૮૭ દરમિયાન 'લોકરાજ' અને 'પગદંડી' દૈનિકમાં સાહિત્યના વિભાગો લખતી વેળાએ જે પ્રતિભાઓનાં પગ પાસે બેસીને જ્ઞાન અને વાત્સલ્ય મળ્યું છે. તેનાથી વિશેષ જીવનમાં બીજી ધન્યતા કઇ હોય? કવિ નાથાલાલ દવે સાથેના સંભારણા તાદશ થાય છે. ચહેરા ઉપર સદાય પ્રસન્નતા, સૌમ્ય સ્વભાવ, ધીમી ચાલ, માથા ઉપરના વાળની છટા જોઇને બંગાળી કવિ - લેખકની યાદ આવી જાય છે.

તમે જરૂર મારા ઘેર આવો. હું સવારે કયાંક જતો નથી, સાંજના પાંચથી સાત ફરવા જઉં છું. આપણે મળીએ. તમે તમારા વિભાગમાં જેને જેને યાદ કર્યા છે, તે બધાને ફરી સંભારશું. હસિતભાઇ બૂચ, રતુભાઇ દેસાઇ, ત્રિભુવન વ્યાસ સૌને યાદ કરીશું, વાતો કરશું. મુંબઇથી ચંદ્રકાન્ત બક્ષી, બકુલ રાવળ આવવાના છે. શિવકુમાર જોશી, યશવંત પંડ્યા સ્મારક વ્યાખ્યાન આપવા આવશે. કવિ જટિલ વ્યાસને (જટિલકાકા) ખાસ સાથે લેતાં આવજો. તેમણે મારું ઘર જોયું છે. ખૂબ આનંદ આવશે.

આ પ્રકારના ભાવનો નાથાલાલ દવેએ લખેલો એક પત્ર અઠવાડિયે મારા ઉપર અચૂક આવતો હતો. પછી મળવા જાઉં, વાતો માંડે, 'જો ભાઇ, સાહિત્ય ભારતી - ભાવનગર તરફથી શાયર કિસ્મત કુરેશીને ગઝલ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે સુવર્ણચંદ્રક આપવામાં આવશે. સાંભળો કિસ્મત કુરેશીનો એક શૅર,

કિસ્મત તો કયારનો એ શ્રધ્ધા સહે કહે છે;
ઇઝ્ઝત વરીને રહેશે સૌનું કવન ગઝલમાં.

સાહિત્યમાં નાથાલાલ દવેનું પ્રદાન વિપુલ તેમજ ઉચ્ચ ગુણવત્તાવાળું રહ્યું હતું. કાન્ત, કલાપી, મેઘાણી અને સુંદરમ્ની હરોળમાં તેમની ગણના થતી હતી. હાસ્ય કટાક્ષની કવિતા માટે 'વીસમી સદીના દલપતરામ' એવું એમને બિરૂદ સાંપડ્યું હતું.'

૧૯૮૮માં એટલે કે, બાવીસ વર્ષ પૂર્વે લખાયેલા કટાક્ષ કાવ્યની પંક્તિઓ સાંપ્રત સમયમાં કેટલી બંધબેસતી લાગે છે? જુઓ વાંચો...

નવયૌવન લાચાર, કેવળ બેકારીની શીખે,
ગણિત ભણે, કેમિસ્ટ્રી ગોખે, ક્રેડિટ ડેબિટ શીખે,
અધિકારી અવિચારી મલકને માથે છાણાં થાપે.

કવિ કરશનદાસ માણેક, પ્રિયકાન્ત મણિયાર, ઇન્દુલાલ ગાંધીએ કાવ્યોમાં જે સાંપ્રત પીડા વ્યક્ત કરી હતી. તે પ્રમાણે નાથાલાલ દવેએ હળવી શૈલીમાં તેમના કટાક્ષ કાવ્યો રજૂ કર્યા હતા.

તા. ૩-૬-૧૯૧૨માં જન્મેલા કવિ એમ. એ., બી.ટી. થયા હતા અને નયી તાલીમ સેવાગ્રામમાં લીધી હતી. સુરેન્દ્રનગર, ભાવનગર અને રાજકોટ ખાતે શિક્ષણાધિકારી તરીકે સેવાઓ આપી હતી. ઉપરાંત હંટર ટ્રેનિંગ કૉલેજ - મોરબી, પ્રેમચંદ, રાયચંદ ટ્રેનિંગ કૉલેજ - અમદાવાદ તથા જી.બી.ટી.સી. માંગરોળના પ્રિન્સિપાલ પદે રહ્યા હતા.

તા. ૩-૬-૧૯૭૦ થી સ્થૂળ રીતે નિવૃત્ત થયા પછી તેઓએ ગુજરાતી સાહિત્યની સતત ત્રેવીસ વર્ષ સુધી સેવા-સાધના કરી હતી. ૧૫૦૦ કાવ્યો, ૧૧૦ વાર્તાઓ, અનુવાદો તથા સંપાદનોમાં ૪૪ ગ્રંથો આપ્યા બાદ પણ તેઓ સતત સક્રિય હતા.

'મુખવાસ' માં હાસ્ય કટાક્ષના માર્મિક મુક્તકો આજે પણ એટલાં જ તાજા લાગે છે, વારંવાર વાંચવા ગમે છે, જેમ કે,

મધુર ભાષાઓ ભારતની
મધુર મારી ગુજરાતી,
મીઠપ જેવી કવિતા કેરા,
છંદોમાં છલકાતી.
હાઇકુમાં હેરાન થાતી,
લાન્કામાં તૂટી જાતી,
મુદ્રિકા તણા રત્ન સમીએ,
મુક્તકમાં મલકાતી.

મોતી સમા મુક્તકોનાં સર્જનહાર કવિ નાથાલાલ દવેને શુભકામના આપતાં કાકા હાથરસીએ છપ્પાથી અભિનંદન આપતાં લખ્યું હતું કે,

અંમૃત જયંતી મન રહી, ચહું
દિશ છાયા હર્ષ,
કવિવર નાથાલાલ જીયે, સેવા
સો વર્ષ,
જિયે સવાસો વર્ષ, બનો જનગણ
કે પ્યારે,
લખો ઇતને ગ્રંથ, ગગનમેં જિતને
તારે,
કહં કાકા, સ્વીકારે શુભકામના
હમારી,
કાવ્ય-કલામેં દિન દૂની હો
પ્રગતિ તુમ્હારી.

નાથાલાલ દવે સાથે માણેલું સાનિધ્ય આજે ભાગ્યે જ મળે છે. તેઓ બહુશ્રુત સર્જક હતા. સંસ્કૃત, બંગાળી, હિન્દી, અંગ્રેજી સાહિત્યનું તેમને સતત પરિશીલન કર્યું હતુ. કૃષ્ણમૂર્તિ, રસેલ, રોમરોલા, તેમના પ્રિય લેખકો હતા. શ્રી અરવિંદના યોગથી તેમજ રવિન્દ્રનાથના અભ્યાસથી તેમના વિચારો ઘડાયા હતા. જીવનના શાશ્વત મૂલ્યો પર અને ગાંધીદર્શન પર તેમને ઊંડી શ્રધ્ધા હતી. તેમનાં વ્યક્તિત્વમાં આ બધું એક રસ બની જતાં, તેમાંથી આનંદની સરવાણી પ્રગટતી હતી. તેમના કાવ્યોમાં હાસ્યરસની તરલ લહરીઓ આજે પણ ઊડે છે.

કવિ નાથાલાલ દવેએ તા. ૨૫-૧૨-૧૯૯૩માં રોજ સૃષ્ટિ પરથી ભલે વિદાય લીધી. પણ તેઓ મારા, તમારા સૌમા હજુ હસતાં, હસાવતાં જીવી રહ્યાં છે.

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૧૪મી ઓગષ્ટ

- મહાન નાટ્યકાર, નવલકથાકાર, પત્રકાર યશોધર નર્મદાશંકર મહેતાનો જન્મદિન ૧૪-૮-૧૯૦૯. 'સરી જતી રેતી' તેમનું પ્રખ્યાત પુસ્તક છે. વહી જતી જેલમ, તુંગનાથ, મહંમદ ગઝની જેવી ઐતિહાસિક નવલકથામાં પાત્ર ચિત્રણ સ્પર્શી જાય છે.
- ૧૮૫૦ - મુંબઇથી કલકત્તા ટેલિફોન લાઇન ચાલુ થઇ.
- શ્રેષ્ઠ ઉપન્યાસકાર સત્યકામ વિદ્યાલંકારનો જન્મ - ૧૯૦૪.
- ગુજરાતી ગઝલકાર મહેન્દ્ર જોષી સમીરનો જલાલપોરમાં જન્મ.
- ૧૯૨૪માં પ્રથમવાર દાવો થયો કે, મંગળ પર પણ પૃથ્વી જેવું વાતાવરણ છે.

મનુષ્યને પોતાના જીવનમાં ગતિ અને તેજ બંનેની જરૂર છે, એનાથી જ જીવન ખળ ખળ કરતી સરિતા જેવું અને પ્રકાશમાન સૂર્ય જેવું બની શકશે

પ્રદીપમેય જગત્ સર્વમ્...
- હર્ષદ પ્ર. શાહ

કેવો સુંદર વિચાર!
કેવો શ્રેષ્ઠ સંકલ્પ!!

નવા વર્ષનો પગર સંભળાય... અને તેના પગરવમાં કોઇક સુંદર વિચારનો પડખો મનમાં પડે તો ગદ્‌ગદ્ થઇ જવાય. સામાન્ય રીતે સામાન્ય માણસના મનમાં વિચાર ચાલતો હોય છે - 'મારી ઉન્નતિ થાય.'... 'મારું ઘર સુખી થાય'... 'મારી સમૃધ્ધિ વધે'... સ્વાભાવિક પણ છે. માણસની મોટા ભાગની પ્રવૃત્તિ 'સ્વકેન્દ્રી' હોય છે. પણ કોઇક દિવ્ય પળે કોઇક કોઇકને સામાન્યમાંથી અસમાન્ય બનવાની પ્રેરણા મળી જતી હોય છે. ત્યારે આવો સમષ્ટિલક્ષી વિચાર મનમાં આકાર ધારણ કરે છે.

દિવાળી આને માણસ દીવા કરે. લક્ષ્મીજી આવવાનાં હોય ને કયાંક ભૂલાં ન પડે એટલે માણસ અસંખ્ય દીવા કરી પોતાના ઘરના આંગણે અજવાળા પાથરે. નવલા વર્ષના સ્વાગતમાં એ ફટાકડા ફોડે, મીઠાઇ ખાય... મીઠાઇ ખવડાવે... અભિનંદન આપે...

બહુ સારી રીત છે નવા વર્ષના સ્વાગતની! પણ જેઓ સમષ્ટિલક્ષી વિચારને જન્મ આપે છે અને સંકલ્પના અમૃતજળથી એની માવજત કરે છે એમની રીત તો ખરેખર અદ્‌ભૂત છે. એક દીવો ઓરડામાં પ્રકાશ પાથરે છે, એક સુંદર વિચાર મનમાં પ્રકાશ પાથરે છે.

અંધકારભરી રાત્રીમાં પ્રકાશનું એક કિરણ મળવું એ પણ સૌભાગ્ય છે, કારણ કે એનું અનુસરસ કરતાં કરતાં તો પ્રકાશનાં પુજ સુધી પહોંચી શકાય.

એક રાજાએ કોઇક વાતથી નારાજ થઇને પોતાના પ્રધાનને એક ઊંચી મિનાર પર કેદ કર્યો હતો. એક પ્રકારનો અત્યંત ભયંકર અને કષ્ટપ્રદ મૃત્યુદંડ હતો આ. ત્યાં એને કંઇ ખાવાનું મોકલવાનો પ્રબંધ પણ ન હતો અને એ ગગનચુંબી મિનાર પરથી કૂદીને ભાગી શકાય એવી પણ શક્યતા ન હતી.

પ્રધાનને પકડીને જયારે ઉપર મિનાર તરફ લઇ જવાનો હતો ત્યારે લોકોએ જોયું કે એ જરા પણ દુઃખી કે ચિંતિત નથી. રોજની જેમ જ એના મુખ પર પ્રસન્નતા છે. પ્રધાનની પત્નીએ રડતાં રડતાં વિદાય આપી. સાથોસાથ પૂછ્યું પણ ખરું કે આવી ભયંકર સજા થવા છતાં તેઓ પ્રસન્ન કેમ છે? પ્રધાને કહ્યું, ''એક વિચાર સૂઝયો છે. જો રેશમનો એક અત્યંત પાતળો તાર પણ મને પહોંચાડવામાં આવે તો હું મુક્ત થઇ શકીશ. શું તું આટલું કામ નહીં કરી શકે?''

તેની પત્નીએ બહુ વિચાર કર્યો. પરંતુ એ ઊંચી મિનાર પર રેશમનો પાતળો તાર પહોંચાડવાનો કોઇ ઉપાય એને ન જડ્યો. તેણે એક ફકીરને પૂછ્યું. ''ભૃંગ નામના કીડાને પકડો. તેના પગમાં રેશમનો તાર બાંધી દો અને એની મૂછો ઉપર મધનું એક ટીપું મુકીને તેને મીનારના રસ્તે તેનું મુખ મિનારની ટોચ તરફ રાખીને છોડી દો. કામ થઇ જશે.''

તે રાત્રે આ મુજબ કરવામાં આવ્યું. ભૃંગ કીડો પોતાની જ મૂછ પર ચોપડેલા મધની ગંધથી આકર્ષાઇ ને ધીમે ધીમે મિનાર ઉપર ચડવા લાગ્યો. તેની યાત્રા પૂરી થઇ. ટોચ પર બેઠેલા પ્રધાન પાસે તે પહોંચ્યો. તેની સાથે બાંધેલો રેશમનો તાર પણ પ્રધાનને મળી ગયો. પછી એ તાર સાથે સૂતરના તારને બાંધીને ઉપર પહોંચાડવામાં આવ્યો. સૂતરના તાર સાથે દોરી બાંધીને પહોંચાડાઇ અને દોરી સાથે જાડું દોરડું... જેના આધારે પ્રધાને મિનારની કેદમાંથી મુક્તિ મેળવી શક્યો. રેશમનો એક પાતળો તાર એના નવજીવનનું કારણ બની ગયા.

આવી જ રીતે સૂર્ય સુધી પહોંચવા માટે પ્રકાશનું એક કિરણ પર્યાપ્ત છે... અને આ કિરણ તો કોઇને પહોંચાડવાની જરૂર પણ નથી! દરેકની પાસે એ પહોંચે છે. જે એ કિરણને શોધી લે છે તે સૂર્યને પણ મેળવી જ લે છે.

પ્રકાશને ખબર નથી, અંધકાર શું છે.
આશાને ખબર નથી, નિરાશા શું છે.
ઉત્સાહને ખબર નથી, હતાશા શું છે.
ઉદ્યમને ખબર નથી, આળસ શું છે.
... અને પુરૂષાર્થને ખબર નથી, પ્રારબ્ધ શું છે.

પ્રકાશ ફક્ત પ્રકાશને જ ઓળખે છે. અંધકારની એ પરવા નથી કરતો... પોતાનું કાર્ય કર્યે જ જાય છે અને પરિણઆમ મેળવતો જાય છે. પ્રકાશને ગતિ પણ છે અને તેજ પણ છે. સુંદર સમન્વય છે. પરિણામે પ્રકાશ એક શક્તિ બને છે.

મનુષ્યને પોતાના જીવનમાં ગતિ અને તેજ બંનેની જરૂર છે. એનાથી જ જીવન ખળ ખળ કરતી સરિતા જેવું અને પ્રકાશમાન સૂર્ય જેવું બની શકશે.

માનવજીવન એટલે ગુણ અને દોષનો સરવાળો. જે ગુણનો ગુણાકાર કરી શકે અને દોષનો ભાગાકાર કરી શકે તેને જીવન જીવવા જેવું લાગે.

એક માણસને એક સ્વપ્ન આવ્યું. ખૂબ વિચિત્ર સ્વપ્ન! એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એક જ નગરમાં રહેતાં સાધુ અને વેશ્યા - બંને એક જ અઠવાડિયામાં મૃત્યુ પામ્યાં. વેશ્યા સ્વર્ગે ગઇ. સાધુ નકરે ગયા. સાધુ નકરે ગયા. વેશ્યા ઊંચે ચડી. સાધુ નીચે પડ્યા.

ઝબકીને જાગેલો માણસ આ સ્વપ્નનું રહસ્ય જાણવા એક જીવનદ્રષ્ટા પાસે પહોંચ્યો. જીવનદ્રષ્ટાએ કહ્યું, ''વાત બરાબર છે, વેશ્યા પોતાના અધોગામી જીવનને વારંવાર નિંદતી હતી, અને પોતાનું જીવન ધીમે ધીમે સુધારતી હતી... અને સાધુના ચારિત્ર્યનો મિથ્યા ઘમંડ મનમાં ધારણ કરીને બેઠા હતા... અને વેશ્યાનો તિરસ્કાર કરી આખો દિવસ એની જ નિંદામાં રચ્યાપચ્યા રહેતા હતા.''

વેશ્યાની આંખમાં ગુણ હતો, હૃદયમાં શ્રેષ્ઠ ભાવ હતો. પોતાની નિંદા અને બીજાની પ્રશંસા હતી. સાધુની આંખમાં દોષ હતો, હૃદયે મિથ્યાભિમાન હતું. પોતાની પ્રશંસા અને બીજાની નિંદા હતી.

એ કારણે વેશ્યા લાધ્યો અને સાધુને અંધકાર. પ્રકાશ પાથરવાની ઝંખના સેવનારે પ્રથમ પોતામાં પ્રકાશ પેટાવ્યો પડશે.

પોતાનાં પ્રકાશ પેટાવવો એટલે માનસપટમાં પ્રકાશ પેટાવવો...
આત્મામાં પ્રકાશ પેટાવવો...
જીવનના રહસ્યને જાણવું...
પોતાના જીવનને ઊંચે ચડીને જોવું જોઇએ...
પર્વતની ટોચ પરથી ધરતીને જોઇએ તેમ!

ઊર્ધ્વગતિ જ જીવનનો સ્વભાવ બને તો જીવનને પોતાને એક આદર્શ ઊંચાઇ મળે.

ચિંતન, મનન, વાણી અને વ્યવહારમાં ઓજસ જોવા મળે એનાથી રૂડું બીજું શું હોઇ શકે?

(અનુસંધાન પાના નં. ૬ પર)